|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# "સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક અમદાવાદની સ્થાપનાનો ઈતિહાસ"

**Dr.Mukesh P. Ahir**

**Assistant Professor**

**Department of History**

**School of humanities and social science**

**Dr.Babasaheb Ambedkar Open University**

mukeshahirhistory@gmail.com

**સારાંશ:** સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને લોખંડી પુરુષના બિરુદથી આખા જગતમાં પ્રસિદ્ધિ મેળવનાર તેમજ અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલના શાહીબાગ ખાતે આવેલા રાષ્ટ્રીય સ્મારકની સ્થાપનાનો ઇતિહાસ ઘણોજ રસપ્રદ છે. એવું લાગે છે કે ભારતના નાયબ વડાપ્રધાન પદે રહી ચૂકેલી વ્યક્તિનું સ્મારક કે મ્યુઝિયમ બનાવવામાં કોઇ મુશ્કેલીઓનો સામનો કરવો પડે નહી. માત્ર સરકાર સામે દરખાસ્ત મૂકો અને તે મંજૂર કરી દે, પણ તે ખૂબ ભૂલભરેલી બાબત છે. ભારત જેવા વિશાળ લોકશાહી દેશમાં આ પ્રકારનું કાર્ય પાર પાડવું ખૂબ જ જહેમતભર્યું કામ છે.

**ચાવીરૂપ શબ્દો : સરદાર વલ્લભભાઇ પટેલ, સ્મારક, મ્યુજીયમ, શાહીબાગ, મોતિશાહી મહેલ.**

૨૬ ઓગસ્ટ, ૧૯૭૪ના ઠરાવથી ગવર્નરશ્રીના પેટ્રનપદે અને શ્રી ઢેબરભાઈના અધ્યક્ષપદે સરદાર વલ્લભભાઈ પટેલ જન્મશતાબ્દી મહોત્સવ સમિતિની રચના થઈ. આ સમિતિના ઉપાધ્યક્ષ તરીકે શિક્ષણ ખાતું સંભાળતા તે વખતના ગવર્નર શ્રીનાં સહકલાકાર શ્રી સતારાવાલા નિમાયા. રાષ્ટ્રપતિ શાસન પુરું થતા તેઓ એ પદેથી નિવૃત્ત થયા. શિક્ષણ મંત્રીથી નવલભાઈ શાહ ઉપાધ્યક્ષ પદે આવ્યા. શ્રી રાવજીભાઇ લેઉવા આ સમિતિના કાર્યકારી અધ્યક્ષ નિમાયા. શ્રી ઢેબરભાઇનું અવસાન થતાં શ્રી શાંતિલાલ હરજીવનદાસ એના અધ્યક્ષ નિમાયા.આ

સમિતિએ તા. ૧૧-૯-૧૯૭૪ના રોજ મળેલી પોતાની પહેલી સભામાં પેટા સમિતિઓની રચના કરી હતી. તે પૈકી સ્મારક રચના સમિતિમાં શ્રી રાવજીભાઈ લેઉવા, કુમારી મણિબહેન પટેલ, શ્રી સતારાવાલા, શ્રી રતુભાઈ અદાણી, શ્રી જેઠાલાલ જોશી, શ્રી ચીનુભાઇ ચીમનલાલ શેઠ, શ્રી બાબુભાઇ જસભાઈ પટેલ, શ્રી શાંતિલાલ શાહ મુખ્ય સચિવ તેમજ બાંધકામ, નાણાં તથા શિક્ષણ વિભાગના સચિવશ્રીનો સમાવેશ કર્યો હતો. તા. ૭-૪-૧૯૭૫ના રોજ શ્રી ઉત્તમચંદ શાહ, શ્રી ચીમનભાઇ અમીન અને શ્રી શીવાભાઇ એ. પટેલને આ સમિતિમાં ઉમેરવામાં આવ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટીના સ્થાપક સભ્યો અને પ્રમોટર્સ પૈકી નીચેના ગુજરાત સરકારે નીમેલી મહોત્સવ સમિતિ સાથે જ સંકળાયેલા હતા.

(૧) શ્રી શાંતિલાલ હરજીવનદાસ શાહ - અધ્યક્ષ

(૨) શ્રી નવલભાઈ શાહ – ઉપાધ્યક્ષ

(૩) શ્રી રાવજીભાઇ લેઉવા – કાર્યકારી અધ્યક્ષ

(૪) કુમારી મણિબહેન વ. પટેલ – સભ્ય

(૫) શ્રી ઉત્તમચંદ શાહ – સભ્ય

(૬) શ્રી બાબુભાઈ જસભાઈ પટેલ – સભ્ય

ઉપરોક્ત છ સભ્યો એ માત્ર સરદાર સ્મારકનું કાર્ય કરવા માટે જ નિમાયા હતા. પણ આમ છતાં મહોત્સવ સમિતિના અધ્યક્ષ શ્રી ઢેબરભાઇ તરફથી એક અલગ સોસાયટીની રચનાનું સૂચન થયું હતું. તેથી તા. ૧૬-૧૧-૧૯૭૪ના રોજ મળેલી કાર્યક્રમ પેટા સમિતિની ચર્ચામાં મણિબહેન બારડોલીમાં સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારકમાં જે ટ્રસ્ટી મંડળ હોય તે અમદાવાદમાં રહેવું જોઇએ. એવું સૂચન કર્યું હતું. ત્યારે સમિતિના અધ્યક્ષ ઢેબરભાઇએ ખુલાસો કરતાં જણાવ્યું હતું કે “ટ્રસ્ટની પુનઃરચના કરવી પડશે. કોઇ સંસ્થા જેવું કરવું પડશે. એટલે ટ્રસ્ટ હોય પછી સરકાર તેના

સંચાલન અંગે નિશ્ચિંત રહી શકે.' તેમના ઉત્તરાધીકારી શ્રી શાંતિલાલ હ. શાહે પણ આનું જ સમર્થન કર્યું હતું. આમ મહોત્સવ સમિતિના સૂચન મુજબ જુદી સંસ્થાની સ્થાપના તરફ આગળ ધપવાની શરૂઆત કરવા માટે કેટલાક પ્રમોટર્સ બને એમ કરતા મહોત્સવ સમિતિના ત્રણે હોદેદારો ઉપરાંત સરદારશ્રીના મહત્વના સ્મારકો સાથે જોડાયેલા કેટલાક સભ્યોએ સોસાયટીના રજીસ્ટ્રેશન સ્થાપના વગેરેની પહેલ કરી. સમિતિના સભ્યોનું કામ ધાર્યુ પાર પડ્યું અને ૧૮૬૦ના મંડળીઓની નોંધણી બાબતના અધિનિયમ હેઠળ તા. ૧૨-૫-૧૯૭૮ના રોજ ક્રમાંક ગુજરાત ૬૦૬ અમદાવાદથી અને સને ૧૯૫૦ના મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટો બાબતના અધિનિયમ હેઠળ તા. ૮-૫ ૧૯૭૮ના રોજ ક્રમાંક : એફ ૬૯૪ હેઠળ અમદાવાદથી આ સોસાયટી રજીસ્ટર થઈ. આ સાથે જ સોસાયટીના સભ્યોનું એક મહત્ત્વનું કામ પૂર્ણ થયું. પરંતુ તેની સાથેજ સભ્યોની સામે સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલની સ્થાપના માટેની જગ્યા ક્યાં પસંદ કરવી તેનો મૂંઝવણભર્યો પ્રશ્ન ઉપસ્થિત થયો. સરદાર સ્મારકની સ્થાપના મોતીશાહી મહેલમાં કે જે જૂનું રાજભવન છે. તેમાં સ્થાપવાનો વિચાર પણ અલગ સંસ્થા રચવાના જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિની જેમજ એ સમિતિમાંથી ઉદ્ભવ્યો હતો.

તા. ૨૬-૧૦-૧૯૭૪ના રોજ શ્રી ઢેબરભાઈના અધ્યક્ષપદે શ્રી મોરારજીભાઇ દેસાઈ, મણિબહેન પટેલ, ઘનશ્યામભાઈ ઓઝા, હિતેન્દ્રભાઈ, રતુભાઈ અદાણી, બાબુભાઈ જસભાઈ પટેલ, માવલંકર, જેઠાલાલ જોષી, ઇશ્વરભાઈ પટેલ, માધવલાલ શાહ, રામલાલ પરીખ, લક્ષ્મીદાસ દાણી, ઉત્તમચંદ શાહ, માણેકલાલ ગાંધી, આત્મારામ સુતરીયા, નરસિંહભાઇ મકવાણા, ચીનુભાઈ ચીમનલાલ શાહ, હીરાલાલ શાહ, છગનલાલ જોશી, સતારાવાલા, સાગવાણી, રસિકલાલ શુકલ, વસંતભાઈ મહેતા અને અંબાલાલ દેસાઇની ઉપસ્થિતીમાં મળેલી સરદાર જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિની બીજી જ સભામાં અધ્યક્ષશ્રી ઢેબરભાઇએ જણાવ્યું હતું કે, “શ્રી રતુભાઈ એ એક વિચાર વ્યક્ત કર્યો છે કે રાજભવનને સરદાર મેમોરિયલમાં રૂપાંતરિત કરીએ. શ્રી ઘનશ્યામભાઇ ઓઝાએ

જણાવ્યું હતું કે, “સારો વિચાર છે.” રતુભાઇ અદાણીએ કહ્યું કે, “Ideal Place’છે. આમ પણ ગાંધીનગર તો જવાનું જ છે એટલે રાજભવનને સરદાર મેમોરિયલમાં કન્વર્ટ કરીએ તો ઠીક થશે.

તા. ૧૫-૯-૧૯૭૫ના રોજ શ્રી ઢેબરભાઇની અધ્યક્ષતામાં મળેલી સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ શતાબ્દી મહોત્સવ સમિતિની સ્મારક રચવા માટેની પેટા સમિતિની બેઠકની કાર્યવાહીની નોંધનો છેલ્લો ફકરો જણાવે છે કે, “ એક એવું પણ સૂચન થયું હતું કે જે અત્યારનું રાજભવન ભવિષ્યમાં ગાંધીનગર ખસેડવાનું છે જ તો એ રાજભવન સરદાર સ્મારક માટે લઇએ તો સર્વ રીતે અનુકૂળ થઈ પડશે. એટલું જ નહી પરંતુ સરદાર સાહેબની સ્મૃતિમાં એ ગૌરવવંતુ બની રહેશે. આ અંગે મુખ્યમંત્રીશ્રી શક્યતાઓ વિચારે એવી વિનંતી કરવામાં આવે." આમ રાજભવનમાં સ્મારક રચવાની સુચના અને વિચારણા શરૂઆતથી જ મહોત્સવમાં થઇ હતી. પણ તત્કાલિન રાજ્યપાલ શ્રીમન્નારાયણજી તેમજ તેમના અનુગામી શ્રી વિશ્વનાથજી રાજભવન છોડીને ગાંધીનગર જવા તૈયાર નહતા, અને વધારે વિલંબ કરવો હવે ઠીક ન હતો. એમ લાગતું હતું, તેના પરિણામે નીચેની વૈકલ્પિક વ્યવસ્થાઓ વિચારાઇ હતી. (૧) ગુજરાત કોલેજ સામેની હોર્ટિકલ્ચર સોસાયટીની જમીનને બદલે બીજી જમીન એમને આપીને તે લેવા વિચારાયું. પણ એ જમીનમાં ઊંડાણ ઘણું ઓછુ હોવાથી એ વિચાર પડતો મુકાયો હતો. (૨) સરદાર સ્મારક ભવનની બાજુની જ ખુલ્લી જમીનનો વિચાર પણ થયો હતો. પણ એ જગ્યા ઘણી નાની હોવાથી એમાં આવા મોટા સ્મારક માટે પુરતી મોકળાશ નહિ મળે એમ લાગવાથી એ યોજના પણ આગળ ના ધપી. (૩) સરદાર કોંગ્રેસ ભવન સામેની આર.ટી.ઓ.ની કચેરીવાળી જમીનની પણ વિચારણા થઈ હતી. એ જગ્યા પણ પુરતી ન હોવાથી જતી કરવી પડી. (૪) હોમગાર્ડ્સ મેદાનની બાજુની સર ચીનુભાઇ વાળી જમીન અને મકાન મળે તો સ્થળની દ્રષ્ટિએ અનુકૂળ લાગ્યું. પણ એ મિલ્કત ઉપરના હક્કનો પ્રશ્ન ગૂંચવાળામાં હોવાથી એ લઇ ન શકાઈ. (૫) નહેરુપુલને પશ્ચિમને છેડે આશ્રમ રોડ ઉપર નામદાર આગાખાનની માલિકીની મિલકત બધી રીતે અનુકૂળ જણાવાથી તેમની સાથે ચર્ચા કરી બદલામાં બીજી અનુકૂળ જમીન એમને મળે તો તેઓ એ મિલકત સરદારશ્રીના સ્મારક માટે ભેટ

આપવા તૈયાર થયા હતા. એ મુજબ તેમના પ્રતિનિધિઓને વૈકલ્પિક જમીનો બતાવવામાં આવતા તેમને એ અનુકૂળ ન હોવાનું જણાવવાથી એ જમીન મળી શકી નહી. (૬) લાલ દરવાજાની સરદાર બાગની જમીનમાં સ્મારક રચવા છેવટે વિચારાયું. એનું આયોજન પણ થયું. એ સ્થળમાં પાણીની ટાંકી, બાળ ઉદ્યાન, સરદાર પ્રતિમા, પડોસમાં બહુમાળી મકાન વગેરે જોતાં સ્મારક માટે ઘણી ઓછી જગ્યા રહે તથા સ્મારકનો જેવો ઉઠાવ આવવો જોઇએ તે પણ ન આવે અને બગીચાનો લાભ પણ જનતા પાસેથી જતો રહે એ જોતાં આ સ્મારક ત્યાં ન રચવા વિચારાયું.

ઉપર જોયું તેમ સમિતિના સભ્યો દ્વારા અમદાવાદમાં ઘણી જગ્યાઓની સ્થળતપાસ કરીને સ્મારક રચવાની વાટાઘાટો ચાલી, પણ તેમાં કોઇને કોઇ કારણસર તે જગ્યાઓને નાપસંદ કરવામાં આવી હતી. તેમ છતાં સરદાર પટેલ સ્મારકના બાંધકામ માટે જમીનની શોધખોળનું કામકાજ તો ચાલુ જ હતું. તેવામાં જ એક ઐતિહાસિક ફેરફાર થયો. તેમાં ગુજરાતના રાજ્યપાલના રાજભવનને જે શાહીભાગમાં મોતીશાહી મહેલમાં હતું તેને હવે ગાંધીનગરમાં ખસેડવાનો નિર્ણય થયો. તેની સાથે જ સ્મારક સમિતિના સભ્યોમાં ખુશીની એક લહેર અને સ્મારક સ્થાપવા માટે આશાનું એક કિરણ પ્રગટ્યુ. સ્મારક બનાવવા માટે સ્મારક સમિતિના સભ્યોની પસંદગી પ્રથમથી જ રાજભવન માટેની હતી. ગુજરાતના તત્કાલિન રાજ્યપાલ શ્રી મન્નારાયણજી અને એમના અનુગામી શ્રી વિશ્વનાથનજી ને રાજભવન છોડી ગાંધીનગર જવા દરખાસ્ત કરેલી. પણ તેમ કરવા તે સક્ષમ ન હતા.તેથી રાજભવનમાં સ્મારક સ્થાપવાનો વિચાર પડતો મુકાયો હતો, પણ થોડા સમય પછી શ્રી વિશ્વનાથનના સૂચવ્યા પ્રમાણે ફેરફાર કરવામાં આવે તો ગાંધીનગરના મુળ મુખ્યમંત્રીના નિવાસ તરીકે બંધાયેલા અને પાછળથી વી.આઇ.પી. ગેસ્ટહાઉસ બનેલા મકાનમાં જવાની સંમતિ શ્રી વિશ્વનાથને આપી. ત્યારબાદ તેમના ગાંધીનગર સ્થિત વી.આઈ.પી. ગેસ્ટહાઉસમાં સરકારે જરૂરી એવા બધાજ ફેરફારો કર્યા તે દરમ્યાન વિશ્વનાથનજીની રાજ્યપાલ તરીકેની મુદત પુરી થઈ ગઈ અને એવામાં જ ભારત સરકારે પોતાના અધિકારની રૂએ રાજભવન અમદાવાદ ખસેડી ગાંધીનગર લઈ જવાની જાહેરાત ૧૪ ઓગસ્ટ, ૧૯૭૮ના જાહેરનામાંથી કરી. તે

મુજબ ૧૫મી ઑગસ્ટ, ૧૯૭૮થી નવા રાજ્યપાલ શ્રીમતી શારદાબેન મુકરજી સીધા ગાંધીનગર ખાતે રાજ્યપાલના નિવાસ સ્થાન તરીકે જાહેર કરેલા મકાનમાં રહેવા ગયા.ત્યારબાદ એમના સૂચવ્યા મુજબના વધારાના સુધારા પણ રાજ્ય સરકારે કર્યા. શ્રી વિશ્વનાથન અને શ્રીમતી શારદાબહેનના સૂચનોનો અમલ કરતા વધારાના નવેક લાખ રૂપિયા રાજ્યસરકારે ખર્ચ્યા. ગવર્નરશ્રીની અનુકુળતા માટે અમદાવાદમાં પણ સર્કીટ હાઉસ એનેક્સી-૧માં અને પાછળથી એનેક્ષી ૨ માં એમને માટે વધારાની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી.

રાજભવનને અમદાવાદથી ગાંધીનગર ખસેડાતા રાજભવન હવે ખાલી રહ્યું હતું. અને આ ભવ્ય ઈમારત ખાલી પડી રહે તે કોઈને પણ ન ગમે. આમેય ઘણા બધાની નજર આ ઈમારત પર હતી જ. તેથી જેવું રાજભવન ખાલી પડયું કે તેના ઉપયોગ માટે વિવિધ અરજી, માંગણીઓ ગુજરાત સરકાર પાસે આવવા લાગી હતી. તેમાંની કેટલીક આ મુજબ છે.

૧) સરદાર પટેલનું સ્મારક રચવા

૨) બાલભવન બનાવવા.

૩) સાંસ્કૃતિ કેન્દ્ર સ્થાપવા તથા ઉદ્યાન અને સંગીત સમારંભ સ્થળ તરીકે વિકસાવવા.

૫) ડિઝની વર્લ્ડ જેવું કંઇક આકર્ષણ ઊભું કરવા.

૬) મજૂર વિશ્રાંતિ ગૃહ તરીકે ફેરવવા.

૭) ટુરીસ્ટ હોટલમાં રૂપાંતરિત કરવા.

૮) સર્કિટ હાઉસ એનેક્સી તરીકે ઉપયોગ કરવા.

આ ઉપરાંત કેન્દ્ર સરકારના પુરાતત્વ ખાતા પાસે પણ દરખાસ્ત ગઈ કે રાજભવનનો ઉપયોગ મ્યુઝિયમ બનાવવા માટે કરવો. પુરાતત્વ ખાતાએ મ્યુઝિયમની સ્થાપના માટે

રાજભવનનો ઉપયોગ કરવાની માંગણી વિશે વિચારણા કરવાની ભલામણ સાથે એક પત્ર ગુજરાત સરકારને મોકલ્યો. ગુજરાત સરકારે આ બધા સુચનો ઉપર પુખ્ત વિચારણાને અંતે કાયદા, મહેસૂલ, શિક્ષણ, નાણાં અને સામાન્ય વહીવટ વિભાગની સંમતિથી મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગના તા. ૧૮-૮-૧૯૭૯ ના ઠરાવથી આ મિલકત ૫૭,૨૩,000 રૂ.ની કિંમતે અને એટલી જ રકમના અનુદાનથી સરદાર વલ્લભભાઇ પટેલ મેમોરિયલ સોસાયટીને વેચાણથી આપી. સોસાયટીને આ મિલકત સોંપતા અને પાછળથી શહેરી જમીન ટોચ મર્યાદા માંથી મુક્તિ આપતા નીચેની શરતો કરી.

૧) કેન્દ્ર સરકારના પુરાતત્વ વિભાગના ૨૨મી માર્ચ, ૧૯૭૯ના પત્રમાં સૂચવ્યા મુજબ : જુના રાજભવનનું મુખ્ય મકાન પુરાતત્વની દ્રષ્ટિએ ઘણું જ અગત્યનું ઐતિહાસિક મકાન હોઇ તેની યોગ્ય મરામત અને જાળવણી કરવાની તેમજ તેને સારી સ્થિતિમાં રાખવાની અને આ માટે જરૂરી ખર્ચની જવાબદારી સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટીની રહેશે. ભવિષ્યમાં મકાનના બાહ્ય કે આંતિરક નાના-મોટા સુધારા વધારા માટે રાજ્યના પુરાતત્વ વિભાગની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

૨) શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૫ અન્વયે જમીન મળ્યા પછી ત્રણ માસમાં પત્રક ભરીને સરહદ્દ કલમ ૧૯(૧) અન્વયે માન્યતા મેળવીને ટોચ મર્યાદાની વધુ જમીન ધારણ કરવા માંથી મુક્તિ મેળવવા અંગે સંસ્થાએ પોતે કાર્યવાહી કરવાની રહેશે.

3) આ મકાનો માટે સંસ્થાએ પોતે પાણી પુરવઠાનું અલગ જોડાણ અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન પાસેથી પોતાના ખર્ચે અને જોખમે મેળવી લેવાનું રહેશે.

૪) સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક સમિતિની પ્રવૃત્તિઓ સમેટી લેવામાં આવે તો રાજ્યભવનનું મકાન તથા અન્ય મિલકત સરકારને પરત કરવાની રહેશે.

૫) આ ઠરાવને આધીન સરકારની પૂર્વ પરવાનગી વગર જમીન તબદીલ, વેચાણ, ગીરો, બક્ષીસ ન થઇ શકે તેવી શરતે ધારણ કરવા શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૭૬ની ક્લમ ૧૯(૧)(૬) હેઠળ માન્યતા આપી. ઉપરોક્ત મિલકત જમીન ધારણ કરનારને મુક્તિ આપવા ઠરાવેલ છે.

**સરદાર પટેલ સ્મારકની સ્થાપના:**

ઉપરોક્ત શરતોને આધીન રાજભવનને સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ સોસાયટીને વેચાણ આપતા રાજ્યના હિતને જરા પણ આંચ ના આવે તેની પુરી કાળજી ૧૮-૮-૧૯૭૯નો ઠરાવ કરતા રાખવામાં આવી છે. અને રાજ્ય સરકાર ઉપર ઓછામાં ઓછો બોજો પડે એમ ગોઠવણ કરવામાં આવેલી છે. સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકની સ્થાપનાના પ્રયાસોમાં રાજકીય પક્ષોના સભ્યોના વ્યક્તિગત મતભેદો અને પૂર્વગ્રહો ખૂબજ અડચણરૂપ પુરવાર થયા હતા. સ્મારક સમિતિના જે સભ્ય હતા તે બધા જનતાપાર્ટીના હતા. જ્યારે દિલ્હીની કેન્દ્ર સરકાર અને ગુજરાતમાં વિરોધી સરકારનું શાસન હતું જેના કારણે રાષ્ટ્રીય સ્મારકની સ્થાપનામાં એક પછી એક મુશ્કેલીઓ આવતી હતી. આ વાતની ખાત્રી સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય સ્મારકના અધ્યક્ષ રહેલા શ્રી બાબુભાઈ જ. પટેલ દ્વારા લખાયેલી, "સરદાર સ્મારકની પૂર્વભૂમિકા' નામની પત્રિકામાંથી થાય છે. પત્રિકામાં તેમણે નહેરુ સ્મારક વિશે ટીકા કરતા લખ્યું છે કે, મહારાષ્ટ્ર સરકારે નહેરુ સ્મારક માટે મુંબઈ શહેરમાં ૫ એકર જમીન ઉપરાંત ૪ કરોડની સહાય ત્યાંની સોસાયટીને કરી છે. તથા પંડિતજીનું સ્મારક વિશાળ તીનમૂર્તિ ભવનમાં નિર્માયું છે. તેને ભારત સરકાર દ્વારા વાર્ષિક ૨૭ લાખ રૂપિયા એ સ્મારક સમિતિ કે તેના અધ્યક્ષ શ્રીમતી ઇન્દિરા ગાંધી છે તેમને મળે છે. તેમજ અમદાવાદના નહેરુ સ્મારકને પણ વાર્ષિક પોણા બે લાખ રૂપિયાની સહાય ગુજરાત સરકાર તરફથી અપાય છે. પણ આવી કોઇપણ પ્રકારની સહાય સરદાર સ્મારક માટે આપવાનું રાખ્યું નથી. જો નહેરુ સ્મારક તીનમૂર્તિ ભવનમાં

થઇ શક્તો હોય તો સરદાર સ્મારક રાજભવનમાં કેમ નહીં ? બાબુભાઈ જ. પટેલના ઉપરોક્ત વલણો જાણતા તત્કાલિન પરિસ્થિતિનો સંપૂર્ણ ચિતાર ખડો થાય છે. ઉપરોક્ત બધા જ વિઘ્નો માંથી પસાર થયા બાદ સરદાર સ્મારકને રાજભવનમાં સ્થાપવાનું નક્કી થયું. અને રાજભવનને પુરાતત્વખાતા માંથી મુક્ત કરી અમુક શરતોને આધિન સરદાર મેમોરિયલ ટ્રસ્ટને સુપરત કર્યું. આમ તો ૮-૫-૧૯૭૯ના રોજ આ સ્મારકની સમિતિએ નોંધણી કરાવી દીધી હતી. પણ તેનું વિધિવત્ ઉદઘાટન બાકી હતું, ભૂતપૂર્વ વડાપ્રધાન અને સરદાર સાહેબના અત્યંત નિકટના સાથી શ્રી મોરારજીભાઇ દેસાઇના શુભ હસ્તે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક અને પુસ્તકાલયનું ઉદઘાટન ૦૭-૩-૧૯૮૦ને શુક્રવારના રોજ કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે ગ્રંથાલયનું ઉદઘાટન કરનાર ગુજરાત હાઈકોર્ટના વડા ન્યાયમૂર્તિ શ્રી દિવાન પણ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારથી આજ સુધી **"સરદાર પટેલનું જીવન પ્રદર્શન"** અને તેમની **"અંગત ચીજવસ્તુઓનું પ્રદર્શન"** કાયમ માટે ખુલ્લું મુકવામાં આવ્યું. આ પ્રસંગે સરદાર સ્મારકને એક વર્ષ પૂરુ થયું હતું. તેથી સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય સ્મારક પ્રવૃત્તિના મંગલ પ્રારંભે **"સરદારશ્રીનું જીવન અને કાર્ય"** એ વિષય પર વાર્ષિક પ્રવચન કરતા શ્રી મોરારજીભાઈ દેસાઇએ ગુજરાતમાં થઇ રહેલા સરદાર સ્મારક અંગે વિવાદ ઊભો કરવા બાબતે ઊંડો ખેદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે " જેણે ૫૬૨ જેટલા રજવાડા માંથી ૫૪૯ જેટલા રજવાડાઓનું વિલીનીકરણ શાંતિ અને સુમેળથી માત્ર એકજ વર્ષમાં પુરું કર્યું, જે નહેરુથી સહેજે ઉત્તરે તેવા ન હતા, જેણે ગાંધીજીની આજ્ઞા માથે ચડાવી કોઈ વિવાદ ઊભો થવા દીધો ન હતો અને જેણે ગુજરાતની અવિરત સેવા કરી છે તેવા સરદારશ્રીનું ઋણ શું આપણા ઉપર ઓછું છે ? તે અદા કરવાનું તો બાજુએ રહ્યું પણ એનો વિવાદ ઊભો કરીશું તો ટીકામાં પડીશું, તો આપણે નગુણા ઠરીશું ". અમદાવાદના સરદાર સ્મારકના મુખ્ય સ્થળ રાજભવન અંગે થતી ટિકા વિશે આગળ બોલતાં શ્રી મોરારજીભાઇએ જણાવ્યું હતું કે "અહીં આવ્યા પછી મેં એક ટીકા પણ વાંચી છે,

અને સ્મારક સમિતિના સઘળા કાગળો, દસ્તાવેજો અને નોંધો પણ તપાસી છે. મને એમાં કશું જ ખોટું જણાયું નથી. પણ બાબુભાઈ પ્રત્યેની દુશ્મનીએ જ આનો ભાગ ભજવ્યો છે. ટિકાકારોને બધે જ બાબુભાઇ દેખાતા લાગે છે. અને તેથી બધું જ વિકૃત રીતે મુકાયું છે. આમ, આ શુભ પ્રસંગે શ્રી મોરારજીભાઈ દેસાઈએ ખૂબજ તટસ્થ અને પ્રેરણાદાયક ઉદ્બોધન આપ્યું હતું. ૧૯૭૪માં ચાલુ થયેલી સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય સ્મારકની હિલચાલ છેક ૧૯૮૦માં પૂર્ણ થઈ. આજે આ સ્મારકને ૪૨ વર્ષ પૂરા થયા છે. અને એ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ઝરમરની સુવાસ ફેલાવતું પોતાના કાર્યમાં ખૂબજ અડગ પણે આગળ વધી રહ્યું છે.

૧. બાબુભાઈ જે. પટેલ, સરદાર સ્મારકની પૂર્વભૂમિકા, સરદાર મેમોરીયલ સોસાયટી, શાહીબાગ, ૧૯૮૦

૨. સંદેશ, તેમના સ્મારકની ટીકા કરીશું તો નગુણા ઠરીશું. શનિવાર, તા. ૮ માર્ચ, ૧૯૮૦

૩.આહિર મુકેશ, સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક અમદાવાદ,એક અધ્યયન,અપ્રગટ શોધ નિબંધ, અનુસ્નાતક, માર્ગદર્શક ડો.બિંદુવાસિની જોષી,ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ૨૦૦૮ – ૦૯,

૪. સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારકની અનેક વાર લીધેલ રૂબરૂ મુલાકાત.

૫. મણિયાર સોનલ, ગુજરાતનાં સંગ્રહાલયો માર્ગદર્શિકા, માહિતી ખાતું ગાંધીનગર,૨૦૦૦

૬. મહેતા રમણલાલ નાગરજી,સંગ્રહાલય વિદ્યા, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ,૧૯૯૬

૭.પરિખ ર.છો, શાસ્ત્રી.હ.ગ, ગુજરાતનો રાજકીય અને સાસ્કૃતિક ઇતિહાસ, ભો.જે.વિદ્યાભવન,અમદાવાદ,૧૯૭૯.